ઉખાણાંના કકડા.

છપાવી પ્રસિદ્ધ કરનાર

જેશીંગભાઇ મોતીલાલ શાહ.

રીચીરોડ--અમદાવાદ.

અમદાવાદમાં

[illegible] પ્રિન્ટીંગ પ્રેસમાં શા. અમરતલાલ
જેશીંગભાઇએ છાપ્યું.

આવૃત્તી ૧ લી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૬૮ સને ૧૯૧૨

કીમત આઠ આના.

કંચનના કકડા.

---

૧ સુરદાસ.

દાસપરે દયા લાવો રે, દયાળુ દેવા દાસપરે દયા લાવો.
સંસારી સંબંધ તોડી, જીવ આપ ચરણે જોડી;
હું તો બની બેઠો બાવો બાવો રે, દયાળુ દેવા દાસપરે દયા લાવો.
આંખ વીનાનું સંકટ આવું, ખાડા ગાંડો ગોથા ખાવું;
ત્યારે અવીનાશી આવો આવો રે, દયાળુ દેવા દાસપરે દયા લાવો.

૨ સુરદાસ.

આંખ વીના અંધારૂં રે. સદાય મારે આંખ વીના અંધારૂં.
કોઇ કહેશે લાલ લીલું આ ધોળુંને આ પીળું;
મારે મન સઘળું ખારૂં ખારૂં રે, સદાય મારે આંખ વીનાનું અંધારૂં.
કોઇને જગ લાગે ખારૂં, કોઇને લાગે ન્હારૂં,
મારે મન જીવતર ખારૂં ખારૂં રે, સદાય મારે આંખ વીનાનું અંધારૂં.

૩ નરસીંહ મહેતો.

વહાલા વેગે આવો રે, દયા દીલ લાવો રે, બીડું મારી ભાગવા હોજી.
નહિ આવો તો છાના ઉઘાડું, હું છીદ્ર વહાલા;
અહિરડામાં ઉછરી, ગોવાળીઆમાં વાશ.
ખાંધે કાળી કામળી, માગી પીતા છાશ;
હું રાખું તમથી દાવો રે, બીડું મારી ભાગવા હોજી.
બેમાના બે બાપના, નફટા નીર્લજ બાળ;
મહિમાખણના ચોરણ, કંસ તણા છે કાળ.
સાંડ તજો રાધા તણી, હરીજન આપે ગાલ;
ધીશ વેગે ધાવો રે, બીડું મારી ભાગવા હોજી.

૪

સમજ સત્કર્મ કરીલો ભાઇ, કાયા આકાશ જશે કરમાઇ;
રામ ગયા રાવણ ગયાને, ગયા કૃષ્ણ ગયો કંસ.
બળવીર પણ બળહીણ બન્યા, જ્યાં કઠણ કારનો ડંસ સમજ;

સ્વારથ તણો સંસાર મુઢ શું માયામાં રહ્યો મોહી;
કાળ ઝપાટ જપટશે ત્યારે, રહીશ રાંકડા રોઈ. સમજ.
માત તાતને ભ્રાત ભગીની, કોઈ નવ સાથે જાય;
પાપ પુન્યએ પ્રભુ દરબારે, ત્રાજવા માંહી તોલાય. સમજ.

૫ પવિત્ર લીલાવતી.

કરી વેશ્યાની યારી ઉભા અટા- , ભાભી અમારી પેલા તમારા પ્રાણ;
જાવો થાઓ મેયારી, ભાભી અમારી પેલા તમારા પ્રાણ,
વીંછીનો આકડો વેશ્યા છે વસમી, જો જો ન થાએ જાણ.
જાણશે તો ઝેર આણશે જાગુ, કરશે રાંઠ રોકાણ,
જુએ જલકી ઝારી, હાથમાં ધારી, બેઠા અટારી. પેલા તમારા પ્રાણ.

૬ વીણાવેલી.

ઘટઘટમા તીરથ રહ્યો, ઘટમા આતમારામ,
પ્રેમી મન તીરથ વસો, પ્રીતમ સાર્લીંગરામ.
દાઝયો ભુંડા દુધથી, ફોડે છે શીદ છાશ;
સાહસ કરતાં પ્રાણીઆ, સુખનું સત્યાનાશ.

૭ હરિશ્ચંદ્ર.

શાંત થાઓ સાંત થાઓ, તમે રૂપી રાય
કરો નહિ કલેશ કાંઇ, પોતાની રે કાય,
ધીરા થઇને સાંભળો, મારી એક વાત,
સરત કરો બંને જણા અત્રે એક સાક્ષાત,
હારે બંને જણમા કોઈ, આપે તપ ફળ.
ખાલી કલેશ શાને કરો, થઇને આપ વીકળ,
વી કબુલ કબુલ કબુલ સર્વ, છે અમારો રાય;
હારે અમ બેમા તેનું. તપ ફળ જાય

૮ સુરદાસ.

કે તે ભયે જખમાર ભજન વીના કે તે જખમાર;
પ્રભાતે ઉઠી નાવત ધોવત, પાલત હે આચાર. ભજન.
દયા ધરમકો નામ ન જાણ્યો, એમો પ્રેત ચંડાળ. ભજન.

૯ સુરદાસ.

કયું નીંદ ભરસોયા મુસાફર, કયું નીંદ ભરસોયા;
મનસા દેહી દેવતાકુ દુર્લભ, જન્મ અકારત ખોયા.
ધનદાસ જોબન સુત તેરો, વામે મન તેરા મોહ્યા. મુસાફર.
સુરદાસ પ્રભુ ચલેઇ પેપકુ, પીછે નેનું ભરસાયો. મુસાફર.

૧૦ સુરદાસ.

સાચો કળજુગ આયો, અબતો અબતો સાચો કળજુગ આયો.
પુત્ર પીતાંકા કહયો ન માન્યો, કરે અપને મન ભાયો, અબતો.
સ્ત્રી પતિવ્રતા ધરમ પાળ્યો, નીરખત પુરૂષ પરાયો, અબતો.
સન્યાસી ધન સાંચવી લાગ્યા, હરી સ્મરણ વીસારયો. અબતો.
રાજા કપટી રઇયત દુખ પાવે, બ્રાહ્મણ બહોત ભટકાયો. અબતો.
વાસુ સરખા એજ હોત હે, સત જુગ પાપસે છુટયો. અબતો.
બોજ બીંદ્રાવન મથુરા નગરી, કાલંદ્રી નીર સુકાયો. અબતો.
સુરદાસ પ્રભુ હરી, ભજવ વીના મોહેકુ કાય જીવાયો. અબતો.

૧૧ જુગલ જુગારી.

અમો અબળાને માયા વ્હાલીરે વ્હાલીરે વ્હાલી,
પ્રીતી વહાલી રે અમોને વસ્ત્ર કરાવો ઘરેણાં ઘડાંવો
મોતીડે મડોતો મન ખાલીરે ખાલીરે ખાલી મન ખાલીરે—
નેહની નજરે નાથજી મારી નારી બને ઘેલી રે
કાલી રે કાલી ઘેલી કાલી રે—અમો.

૧૨ જુગલ જુગારી.

વહાલમજી સાડી ગુલાબી મંગાવો,
ગોલકા બનાવો મોતીડાં ટકાવો.
બંગડી એ હીરાની, મોંધી મઢાવો.—વહાલમજી.

સાખી.

સુરતમાંજ જણાય છે, ધુતારાના ઢંગ;
જેવો વાનો પુન્શો, તેવા ચડશે રંગ.
હાંરીના હુલાસમાં રસીલી તારી રીસાઇ એ—વહાલમજી.

૧૩ કરણઘેલો.

ચાહે તું ધિક્કાર માર પ્યારમાં બોલાવીને,
પ્યારમાં બોલાવી પ્રાણ સુખમાં ડોલાવીને—ચાહે.
ચુક પડી ક્ષમા કર કઉલા હવે,
શાંતિ તું પમાડ વિરહ અગ્નિને ઓલાવીને—ચાહે.
તારા સમાન નથી વહાલી બીજી મને,
માન મુક માનીતી મન મદને બોલાવીને—ચાહે.

૧૪ કલાવતી.

સ્વામી મળવાની લાલ, ચહાય આ પ્રાણરે. સ્વામી.
તુજ આધારે જીવન દોરી, કરો શું વખાણ સ્વર્ગ વરલાણ.

તારે હાથ પ્રાણ, લેજો મારા પ્રાણ.
આણુ પ્રાણ પ્રાણ સ્વામી.
હવે ચાલો, બહુ ગાલો, વખત ટાલો, જરી બાલો.
એક પકડે, બાજી બગડે, થશે હાણુ સઉ ટાલો. સ્વામી.

૧૫ ખુને નાહક.

મોહનીયા પ્યારી સનમસે મીલાવો
જો ચાહો જો માગો વોહી મોસે પાવો
એહ મુંહ કાલા ઓર મસાલા જાકે ખુશકા ખાવો
મયજલા હું ઝખમે તુમ ઓર ન આગ લગાવો
જનમ એહ ગુન ગાતુ બીનતી સદા મય કરૂં

૧૬ દેખકે જરત મોરા જીયર.

નાલો નામ ઉસ ગુલકા ટહલો જાવો
મત માંહ ચાંદકો ગહન લગાવોજી
બનકે ખબતી યું નહી ફલકપે ખાક ઉડાવોજી.
મેરી કસમ તુમ નાહી સુખન યેહ સુનાવો.

૧૭ મુળરાજ સોલંકી.

સનનન સોહે સાવરીયા શામ
પ્યારે પ્યારે નયનામે વારી વારી જાઉ. સનનન.
એક તો હાથે પીયા મુખડેપે આગલ, દુજે દીખાવે ઉગલીઆરામ
તીજ ભરે મેરી છતીયાપે, ચુટકી ક્યા જાદુ ડાલે ગુજરીયા શામ
તાકજ ભાગે મોરા જીયા લુભાવે નયનાકી ડારી પતગાયા નામ
જાઓ હોજી ન બઇયાં મરોરે છોડો હગારી ડગરીયા શામ

૧૮ ગુંદરવેણી.

જોબનના રંગમાં ઝુલે.
રમશો ના જોઇશ મન મોહનની સંગ—રંગમાં.
છબુંકો કન્તી છલબલી ટપકો દે થઉ દંગ.
તુજ સમનાના શરમ મુકીએજો જો મચાવીશ જંગ—રંગમાં
મદન રંગથી પ્રફુલિત થાશે ચંપાએલ આતંગ
મહાલશું ચાલશું પ્રીતમ પ્રીત પણ નહિ આવે ઢંગ રંગમાં.

૧૯ રાજબીજ.

ગણે જુદાઇ પ્રાણ ની શીદ અણજાણ
મળી આનંદ લ્હાણુ ચાલ ચમન ઉડાવ.
તું છે છબીલી નાર, થાર, હું રંગીલો ભર

બન્યું જેડું નીરધાર મણી કુંદન જડાવ
ઝાંક માથાની વેણ, કાળી નાગણણી ફેણ,
પ્યારી અણી આસાનેણ, જરા ધીરે નચાવ
વાગ્યો કલેજે કારી ઘાવ, દુખ દેણું ભારી.
જરા થા દયાળુ પ્યારી, મને મરતો બચાવ
જોયું જ્યારથી આ મુખ, કામ આપે બહુ દુખ,
ગયો ચોરી મારૂં સુખ, પ્રિયે પાછું અપાવ.

૨૦ સતી અનુસયા.

હાંહારે સંતો સંત સમાગમ મોટો, હાંહાં૦
જેનો ત્રિભુવનમા નહીં જોટો—જોટોરે—સંતો.
કરતા હરિભજન વ્યાપાર (૨)
જેમાં કદી ન આવે તોટો—તોટોરે—સંતો.
જગમાં જાયુ ને જવાનું (૨)
કરતાં ખળ ખોરભા ખોટો—ખોટોરે—સંતો,
ધરવું ધ્યાન હરિનું સાચું (૨)
એ વીણ મથવો ગરબડ ગોટો—ગોટોરે—સંતો.

૨૧ મદનવસંત.

કહુ વાત હું વિગતે વિચાર, વનિતા વચન વધુ ન લગાડ
કર ધરીને કરવર પ્યાર વનિતા વચન વધુ ન લગાડ
રંગે રમાડુ મગે જમાડુ, પ્રીતિ ચખાડુ રીતિ દેખાડું
રસમાં ડૂબાવુ નાર, વનિતા વચન વધુ ન લગાડ
વિધ વિધ સાડી પહેરાવું દાડી કનખાને ચોળીને ચણીયોને નાડી
હાર હીરાનાને માળ સુનાળી ઝાંઝર ઝુમણા મોતીની વાળી
ખવરાવું પકવાન થા તું તો જાડી પગમાં એ જોડાને છત્રી લે કાળી
ચડવાને ગાડીને ફરવાને વાડી હુ તારો લાડો ને તું મારી લાડી
હુ તારો પાડો ને તું મારી પાડી
મીઠા મીઠા મેવા ને જોઇને જોઇને લેવા
પહેરાવીના વીવાહ નહી ખાવા કે પીવા
તું ચાલને થા તઇયાર—વનિતા—કહું.

૨૨ સુરદાશ.

બાલ્વ—આ તારા વચનો સારાં સ્નેહે સાંભળનાં
શાંતી પામ્યુ છે મન મારૂં રે આજે—
જગની જંજાળમાંથી બળતા બચાવોજી

ધન્ય શૂર ચિંતામણી ધારૂ રે આજે—
ચીન્તા—ભક્તિ ભગવાન કેરી કરતાં હમેશાંજી
થવાનું ત્વરાએ શુભ તારૂં રે—શાણા
બીલ્વ—આ તારા વચનો સાચાંજી

૨૩ ભક્તિવિજય.

મને વ્રજવાસ છે વ્હાલો, કરો શિદ આગ્રહ ઠાલોરે
સગાં સહોદર માત ને તાતના ફોગટ છે સહુ ફંદ,
આનંદમુર્તી નંદકુમારની સ્નેહે ધરી સુખકંદ.
પાયો મને પ્રેમનો પ્યાલો રે. કરો૦
અધમ સ્વામીને સેજે ઉગારી, બહુ વિધ આપી બોધ;
આપની ભક્તિ નહીં કદી ભુલથી નહિ કરૂં અવરોધ.
મીરાં ચીતોડમાં ચાલોર. ક૦
સુધરને ભજી દુર ધરી મેં દુનિયાની દરકાર
પ્રાણ જતાં પણ હું નહિ ચુકું લાલની પ્રીત લગાર.
ખોટા સહુ જગના પ્યાલો રે.

૨૪ ભક્તિવિજય.

મારા રંગીલા ગીરિધરલાલ આવ્યા રૂડુ રૂપ ધરી,
દાસી મીરાંને હિતદયાળ ભેટો વેગે ભાવ ધરી,
જાણ્યું નથી જેણે હજી શુદ્ધ તમારૂં સ્વરૂપ,
ડરશે એ દિલમાંહી, હું તો આનંદ પામીશું અનુપ —ભેટો—મીરાં
જળ સ્થળમાં હું જોઉં છું, તમને ત્રિભુવન નાથ,
ડરવાની નથી દેવ હું તો ભગથી દોડીને ભરૂં બાથ. મીરાં.

૨૫ ભક્તિવિજય.

ઘેલી થઇરે હું તો ઘેલી થઇ, હું વ્હાલા નંદલાલ વાંસે હું તો ઘેલી થઇ
નામ લઇ રે એનું નામ લઇ હું તો વખત વીતાવું એનું નામ લઇ
આ રે સંસારીયાનું સગપણ છોડી રે (૨)
રૂપ રસ સાથે રાચી રહી, વહાલા
લગની લાગી છે મને, લટકાળા લાલથી રે (૨)
જપુ કાનુડાની માળા કરમાં ગ્રહી, વહાલા.

૨૬ જયરાજ.

મોહન આવો મલપતાને પોઢો પ્રેમે પલંગ,
અંગ ફુલ્યાં નવરંગ અમારાં, રાય રમોને રંગ.
સલુણા સાહેબાજી હો, મોરે મન મોહની લાગી રાજ.
આજ ભરી ભર રંગ તમોને છાંડુ છબીલા છેલ

ચઉદ બ્રહ્માંડ ચકિત બને એવા ખાતે બતાવું ખેલ—સ૰
એક ઉભી છે આપની એવીજ સુરજ કોટી સમાય,
પીરસી પીરસી કંચન થાશું હરખ હઇયે ન સમાય—સ૰

૨૭ સુરદાસ.

હું તો ભજન કરીશ હરીનું, સદા સુખે—ભજન
આ સંસાર આગ સમ લાગે મિથ્યા ફાંફાં મારી હારી
નહી કોઇને કહેતા તમારી વાત આ બધાઈ છું
રાખો ભરોસો હ્રદયમાં, હું દેવના સમ ખાઉં છું
છોડો ક્ષમા લાવી મને, ઝટ અહિંથી જાવા દિઓ
સંતો તણા સહવાસમાં, ગુણ કૃષ્ણના ગાવા દિઓ

૨૮ સુરદાસ.

મેં જગનો છોડયો ભાસ, નયનો કરીને ન્યારાં
ઘટ ઘરમાં કરજો વાસ, પ્રીતે પ્રભુજી પ્યારા—ટેક
વીઠલ વહાલું બીરદ વીચારી, આ સેવકને લેજો ઉગારી
વ્યાધી વીદારી શરણે સ્વીકારી ટાળો હરો મુજ ત્રાસ રે—મે જગનો
આંખ વીના અતીશય દુખી થાશે જીંદગી આની શી રીતે જાશે
ચાયે હવે શું ગભરાયે હવે શું શાને બનો છો ઉદાસરે

૨૯ સતી દ્રૌપદી.

શામળીઆજી કરજો મારી મદાય રે
વ્હાલા ગરૂડે ચડીને વેલા આવજો રે
શામ સલુણા સુભદ્રાના વીર રે
આ દીન બાળાની લાજ દયાળુ રાખજો રે
છોગાળા છે વાત છેલી નથી કોઇ મારૂં બેલી,
વા'લા તુજ ગુણની ઘેલી દાસી દુખમાં ડુબેલી,
દુખીની દાદ ને ફરીયાદ અંતર લાવજો રે
કઉરવ કર્મ ચંડાળ દુશીયસન નિર્દય અરે,
જોતા પાંચ ભરથાર પાપી પટકુળ તાણતો;
વા'રે આવોને દયા દીલ લાવોને
નાથ છું અનાથ નારી ભરસો છે જુંવર ભારી,
જેવી તેવી છું તમરી વા'લા દેશો ના વિસારી
હેને હળધરજીના વીર મારી ઉગારજો રે.

૩૦ સુરદાસ.

વ્હાલા વ્રજલાલ સાથે લાગીરે લગનીયાં મહારી મહારાજ
પ્યારી છબી શામળાની સ્થાપી ઘટ ઘરમાં મેં તો
એને હાથે છે મારી લાજ
વૃંદાવનમાં ફરતા ધરતા વરતા આ આ.....વ્હાલા.
લાડે નીત હેત ધારી બંધુ હળધરના
હું તો સેવું છોડીને બીજા...વૃંદા.....આ વ્હાલા,

૩૧ સતી દ્રૌપદી.

ગોવીંદ ગુણ ગાઓ રે નરનાર,
ગોપાળ ગુણ ગાવો રે નરનાર
ગીરીધરશ્રી ધરશ્રી મુરલીધર
નામથી નેહ લગાવો રે—હાં નેહ લગાવો રે.
મારૂં તારૂં મિથ્યા માની કૃષ્ણ કૃષ્ણ કહે જાવો રે. રે૦
અધમ ઉધારણ ભવ જળ તારણ,
નિરભય નામથી થાવો રે ભય નામથી જાવો રે રે૦

૩૨

જાગરે જીવ સંભારને શ્રીહરી શઠ થઈ શું સુતો સોડ તાણી
પોટલાં પાપનાં બાંધીયા સાથ નવ જ્ઞાન વઇરાગની વાત જાણી—
દિવસે ધાંધિલા બન્યો ગત નિદ્રા વિશે સ્વપ્નમાં સાંભરે ખોટી માયા
જન્મીને જીવનનો સાર જાણ્યો નહી નવ ઘડી એક ગોવીંદ ગાયા
મોહમાં રહી મગ્ન પ્રપંચમાં તું પડ્યો ચિંતામણી એળે ખોયો
ધાર્યું કરતો નથી હાર્યું કરવું પડે અંતે પસ્તાઇ પસ્તાઇ રોયો.

૩૩ મીરાંબાઈ.

હરી મારા હૃદયે રહેજો પ્રભુ મારી પાસે રહેજોને
અનંત ન્યારા થાતા રામ મને તમનો વિશ્વાસ છે
મીરાબાઇને મારવા જ્યારે રાણે હઠ લીધી રામ--મને
ઝરના પ્યાલા મીરાંબાઇએ અમૃત કરી આરોગ્યા રામ—
જુનાગઢના ચોકમાં જ્યારે નાગરે હઠો લીધી રામ—મને૦
નરસિંહ મહેતાની હુંડી લઇને દ્વારીકામાં દીધી રામ—મને૦
સબરી કેરાં એઠાં બોર પ્રેમે કરી આરોગ્યા રામ—મને૦
ત્રણ ભુવનના નાથ તમને મીરાંબાઇએ ગાયા રામ—

૩૪ વિક્રમચરિત્ર.

નજર કરો નાથ જરા ઓળખી લ્યો નારી,
શું હું બીજી કે કથ આપનીજ પ્યારી—નજર૦
હેમ પ્યાલો હાથમાં ને મહીં મીઠું દુધ,
પીયુ સામા પાસથી શું તેની ભુલ્યા શુધ
કોણ હતી એ તે કંથ દુધ પાનારી—નજર૦

૩૫ સદેવંત સાવળીંગા.

વહેલા ઉઘાડો દ્વાર, સદેવંત વહેલા ઉઘાડો દ્વાર,
એકલી બાહેર ઉભી છું બહાર, સદેવંત વહેલા ઉઘાડો
મારે લગાડો ન વાર, સદેવંત વહેલા ઉઘાડો—ટેક,
છે મનથી તુજ મશ્કરી, જીવજ મારો જાય
ઉભી રહું આંહી એકલી, તેમ તેમ હ્રદય ચીરાય—સદે૦
માત પિતા મેં પરહર્યાં, તજી નાત ને જાત
તમ અરથે બની ઘેલડી, આખી માજમ રાત—સદે૦
હવે હદ થઈ વાલમાં દરશન દો ઝટ આપ
શક્તિ સહન કરવી નથી, તમ વિયોગ કેરો તાપ—સદે૦

૩૬

સુણ બેની મારી જે, જે થઇ સતી નારી
પતિને પ્રભુ જાણતી, તું જોને વિચારી—સુણ૦
સીતા કુંતા સુલોચન, અનેક સતિ સતિ વિખ્યાત
વરતી સરવે તેમજ ભલા, વિના અવર નહી વાત—સુણ૦
આશ્રય બેઉ એને સાચા, પતિ અને જગદીશ
પતિ રક્ષણથી દઇત પામે, ત્યારે સાચા ઇશ—સુણ૦
નળને પ્રભુ જાણ્યા દમયંતી એકજ પતિ અન્ય.
પતિ સ્મરણ તે કદી ન ચુકી શંકટમાં શુધ મન—સુણ૦
જુઓ દ્રોપદી પાંડવ જનની, સતી જે નિરમળ નાર
દુઃખ દુર્યોધનથી પામી તવ કૃષ્ણે કીધી વ્હાર—સુણ૦
માટે એ સતીઓની રીતી. રાખીને જગમાંય
શીયળ તારું કરવું રક્ષણ, ને કથ તણી સેવાય—સુણ૦

૩૭ નંદબત્રીસી.

મન ભુલાવે મન લોભાવે, મન ચકડોળે મન ચડાવેજી;
શુધ પવિત્ર નિરમળ આત્મા, કાદવે રગદોળાવેજી,
જોવાનું તે નવ દે જોવા, નહી જોવાનું બતાવજી

અમરત મુકી વીખને વળગે, નરક મહી રોળાયેજી
ચારૂ વનીતા વીશ્વ મહી છે, ક્રોધ ગોરી કાળીજી
ત્રૃષ્ણ છે સંતોષ મહી નથી, સુખકર શુદ્ધ બાળીજી—

૩૮ ઉમાદેવડી.

ગાજે ગગન ગરરરર ગગન ગરરરર ઝબકે વિજળીયો ઝરરરર,
વરસે વરસાદ ઝરમર વરસાદ ઝરમર વિયોગીના ચીર ચરરરર
ભીની બાળા હાય અરરરર સ્વામી સોડે પેસે સરરરર—ગાજે૦
હરીયારી ઝુલી ભલી, હરીઆળા વળી વન,
હરીયાળુ સંજોગમાં,
ચારે વીરહે ઉઠે છે અગનરે સજની મદન પીડા ક્યા કહીયે
બાળા રહીએરે મનમાં મુઝાઇએ—સજની૦
નદીઓ ખરરરર નાસતી સાગર સ્વામી પાસ
મોર મયુરીને મળે
ચટપટ લાગે રે આવે સમે ભોગી ભેટવા રે
માતાજી મેર જો કરે, કુંવારી કોડે કરગરે
મચ્યો મદન મહાવીર, મચ્યો મદન મહાવીર,
શાંએ માતાજી અમે મરરરર—ગાજે૦

૩૯ વીણાવેલી.

રે રંડીઆળા રઘુવીર જગધારજો
આજી આ અબળાની આવધારજો રે
હું દીન બાળા કોપ્યા કંથ કુમારજો
વાદળ વરસે રૂધીર મુશળ ધારજો
બલે આ જીવ જાય બ્રહ્માંડ માય
કદી નાથ આજ્ઞા લોપીશ નહિ
સતી સંત જીવે પતિ ગુણ ગાઇ
સતીની મતી છે પતિ હાથ રહાઇ
રે દીન બંધુ—જાળવજો ભરથાર જો
છેવટના છે પ્રણામ પ્રાણાધારજો

૪૦ ભક્તરાજ અમરીસ.

ચાલ ચાલરે મારા સમ બસીયા,
તારી ઠમકતી ચાલ મને બહુ ગમતી,
વાંકી પુછડી નથી સીધી વળતી
તારો કઠણ બોલ ત્રાંબીઆના તોલ,
ત્રુ ત્રુ ત્રુ ક્રોધ આપરે વહાલા વમ વસીયા. ચાલ૦

૪૧ ભક્તરાજ આમરીસ.

જાદુથી જુબાવેછે આ બાન, નટખટ બહુ કરૂ પિછાન, (જાદુથી૦
ધુતારો છે કે ઠગારો કોઈ, મોત વિણુ મરવા આવ્યો નાદાન
ઠગાઇથી ઘુસ્યો ઘરમાં આતો,
જોઇ એનું મુખ મારો જીવડો જાતો,
(અલીએ હું આનો બાપછું, શુધ ખાપ, તારો વર ઠીક કહુંછું કે
આણું અદીઠ કર)
(જાને રોયા ઘરઆરો જો, વહુ તારિમી, ખડ મુખે ખા લાજી મર
આપણે પજતથી રહીએ બાપુડી આવું ના કહીએ
દુર હઠ પાજી છોઠ પતરાજી.
ઠીક, ઠીક, ઠીક.
વારે મારા ઘુઘરાળા, લટકાળા ચટકાળા વ્હાલજી વાલમજી
ટોપડુ ઝાલજે અમથુડા આતુ જઈ
ગરદન મારીમે મ્હોમાં ડુચો દઈ;
ફુટ ફુટ છોકરા,
જા ઠગ ડોકરા,
મુક ડોક મારી કહુ છું ગઇ ભાંગી.
લ્હાવો લીયો શેઠ મેં માગી લે, લે, લે,
ચાલો મહતીમા અમથુડા એને જવા દીએ,
એ તરવન હેવાન.

૪૨ ભક્તરાજ આમરીસ.

મોહનજીને મળવા તલપે મારૂ ચીતરે,
પ્રેમની આંખો પ્રેમની પાંખો;
પ્રેમના ગાઉં મુખે ગીતરે—મોહનજી.
સાગર સંગે સરીતા ઉમંગે
મળવા દોડે ધરી પ્રીત રે—મોહનજી૦
પ્રેમે મળશું જ્ઞાનમાં ભળશું,
વહેલા વળશું હાં અચીત રે—મોહનજી.

૪૩ જગતસિંહ.

દુનિયામાં નથી કોઇએ દીઠો પ્રેમ ફીનારો,
સાગર મહી ડુબતો પ્રેમી કોઇએ ન ઉગાર્યો—દુનીયા૦
મતલબમાં મુઝાએલો ભમર એમ ભમાયો,
પ્રેમાંધ બની પુષ્પ કમળમાં એક બીડાયો—દુનીયા૦

પંખી પરદેશી પ્રેમ વગડે જઇને મુઝાયો,
ઝાડીમાં મળી વાટ નહિ એમ અથડાયો—દુનીયા૦
આ મિત્ર મળે બોમીઓ, આવે હવે આરો;
નહીતો ધવાએલો પળે એ ઉંબાદ બીચારો—દુનીયા૦

૪૪ ભક્તરાજ અમરીશ.

શાથી સુંદર છે મારા નાથ—મારો નાથ રે
ભક્તમણી એ દામ કૃષ્ણનાથજી,
ગુણસાગર એ નટવર નાગર;
મોહી અમર વરને સોંપ્યો હાથ (૩) રે—ભક્ત૦
કરવાને મનના બાગનો તન,
સંસાર કરીશું એનો સાથ (૩) રે—ભક્ત૦

૪૫ નંદબત્રીસી.

જાગી જોને તું જીવડા, અવ્યા જાગી જો જરી;
સુતો શું અભાગી, સુખના સ્વપ્નમાં ઠરી (૨) જાગી.
સ્વારથનું સગપણ સંસારે, તેમાં મુઢ તું શું લપટાએ,
કહું શું મુરખડા હજુ માયા ના ગરી
ચાહના ચીતની ના ચળી, તૃષ્ણા તનની ના ટળી—જાગી.
કરે મરણના માથે રે ફેરો સુકૃત કરીને ભવજળ તરીએ;
માનવ દેહ મોંઘા ઘેલા મળશે ના ફરી
ગાંઠ મળશે ના ફરી, ગુમાની ગરશે ના ફરી
વય તો જાયે છે વહી, તે ચીતમાં કાં નહી—જાગી

૪૬ નંદબત્રીસી.

આ સ્વપ્ન સમ સંસાર સમજી લોને શાણા,
દુર્લભ માનવ અવતાર અવની મહી એ રાણી.
બાળપણું રમતાં ગુમાવે,
જુવાનીમાં લંપટપણું ભાવે;
વૃદ્ધપણાએ જીવ લોભ તણાએ, રટે નહી કીરતાર રે—આ૦
મરણ શ્વાસ જવ ચાલુ થાએ,
કૃત્ય કુડાં નજરે ઉભરાયે;
પીડાક ભારે, પસ્તાય પાપી, ત્યારે આંસુ વહે ચોધાર રે—આ૦

૪૭ કમારગુજરાત.

મહી વેચવા હાલી હું તો મહી વેચવા હાલી,
મારગે પલકારા મારતી ફર ફુલી ફાલી;

જુવાનીઆની નજરે પડતાં લાગુ બહુ વહાલી.
પ્રેમ પરખી પરણું હું તો મોકો ન ઠાલી માલી—હુંતો૦
માણી મઃશુગર મરદપર માં કર કરડી આંખ
પોપટ પડયો પ્રેમ પાંજરે પાળ ગમે તોડ પાંખ;
પાળીએ નહી અમે પોપટડા, આડરના સારનાર,
અડીએ નહી અળખામણાને રડે તે પડતું ગમાર;
સીદને થકા ખાસ છું ધાયલ સીદને ધકા ખાસ,
તારા જેવા તો પગ માટે પણ હજુ ન તાલી રે—હુંતો૦

૪૮ **રમાદેવી.**

જરા નાચોજી નખરેથી યાર, હાંરે જરા ખેલોજી નખરેથી યાર:
તેરી મેરી જોડી બની મજેદાર—જરા૦
ચાલું મટાથી મહાલુ અટાથી, એનો ઇશકબાજીનો વહેવાર—હાંરે
હવે નેન મીલાવોને પ્રેમ શીખાવોને ઓર લુટાવોને જોબનીયાનીમહાર
હજી લટકેથી આવોને મટકેથી આવોને ઓર સુણાવો ઝંઝરનો ઝમકા
ઉંહું હું ઉંહુંહું યાર, ઇશકના જોજો દેદાર—રંગીલા૦

૪૯ **લીલાવતી.**

અવરમદન અલબેલો આનો દીસે અવરમદન અલબેલો.
સરદ પુનમના સુધાકર સરખો, આજ નગરમાં ફગેલો—આનો૦
મનોહર કસ્તુરીઆ મૃગ માફક, જોઉ ઝરૂખે ઝકેલો—આ તો
હું નીરભાગી નાથ તજી મુને, વેશ્યા આવાસે વસેલો—આ તો૦
ધન ગુણીકા ધરાણી તજી મુજને, પ્રીય કર્યો મમ પરણેલો—આતો૦
ચંદ ચકોરને મધુર મેઘ સમ, મુજ મન રંગ રહેલો—આ તો૦.
મધચારી વેશે મને નહી જાણે, મમ છગ છેલછબીલો—આ તો૦

૫૦ **વીણાવેલી.**

હા માનેલી માનેલી છકેલી છોકરી તારૂં ઉતારૂં ગુમાન,
હા ચઢીને ચઢી તું છેક ચઢી ભુલી નાના મોટાનું ભાન;
પહેલાં પાણી પીને ઘર પુછે, પછી એતો મહાઅજાણ—હા.
લાડ લડાવીએ બાળપણે, પછી કરે અપમાન,
પાલી ભુલી ભાન કદાપી સ્વાન રહેવું નુકશાન. :
થાય કુપાત્ર ને પ્રીતીનું પાત્રજ, રહેશે આખો ભવ દુખનીધાન

૫૧ **નવલકુસુમ.**

ભરી ભરી પ્રીતીની પ્યાલી પીજે ને પીવરાવજો—ભરી ભરી
લટકે ને મટકે રસીલી રસીયાને રીઝાવજો—લટકે

જીવનનો લ્હાવો લેજોજી, જોબનનો લ્હાવો દેજોજી,
રસનાના રંગ તરંગમાં, ઝુલજો ને ઝુલાવજો—ભરી
બની તમ ગુલ રસીલી રે, પીયુ બુલબુલ રસીલીને,
જોબનના જાદુમાં રે, ડુલજો ને ડુલાવજો—ભરી

૫૨ **લીલાવતી.**

આજ આવી રાજ હજુરમાં કરજોડીને કરૂં વીનતી—ટેક.
એક કામસેના વેશ્યા અહીં સાચી શતરૂ તે તો મારી સહી
રાત દીન ઘેર તેને રહી, મમ પુત્રની બગડી મતી—આજ
કુળમાં કલંક કપુતથી, આમને જરી ગાંઠતો નથી,
એથી આપને કરૂં અરજ આ, મુકી ભેટણું પદ ભુપતી
હુકમે હમારી પીડા હરી, ગુણીકા કનેથી કૃપા કરી,
અમ પુત્ર અપાવીએ થાઓ રાજ્યની ચડતી રીતી—આજ

૫૩ **સતી અનુસયા.**

મારે મંદીરે પધારો યોગીરાજ મહારાજ,।
ભોજન કરાવું મન ભાવતા;
ઘેબર ખારી જલેબી શીરો સુખડી,
મોતીચુર ને મેસુર લાગે ભુખસું;
ચસુ તતખીરે હાંસલી વડી તમ કાજ—ભોજન
નેહે નીપજાવું શાક ભાત ભાતના,;
રૂડાં રાઇતાં બનાવું જાત જાતના,
અની જુકતીથી પીરશું પ્રીતે ધરી આજ—ભોજન.

૫૪ **સતી અનુસયા.**

મારે મ્હોડો મનાવી રાજી કહેવરાવી;
કલાવી પટાવી પુછો શું તમે (૨)
ફુલ સુગંધીવાળાં રૂડાં રંગે રૂપાળાં,
તેની મીઠી સુગંધી કોને ના ગમે;
કોને ના ગમે--મારે
લીલાં પીળાં ઝાડ પાન—ઉપર પંખી કરે ગાન;
રાજ કાને સાંભળવાં કોને ના ગમે;
કોને ના ગમે—મારે

૫૫ **કબીરદાસ.**

રામ નામ તું ભજલે પ્યારે, કાયકુ ઝગરૂબી કરતા હે
કચી મટીકા બંગલા તેરા, પાવ પલકમે ઢળતા હે

બ્રાહ્મણ હોકર પુરાણ વાંચો, સ્નાન તરપન કરતા હે.
સર્વ કાલ સુચીત રહે તો, ઓ કયાં સાહેબ મીલતા હે
જોગી હોકર જટા વધારે, હાલ મસ્તમેં રહેતા હે,
ઉખર ધરે કર હાથ સુકાવે, ઓ કયાં સાહેબ મીલતા હે—રામ,
મુલા હોકર બાંગ પુકારે, વો કયા સાહેબ બહેરા હે
મુંગીકે પાંવકા અવાજ બાજે, ઓભી અલ્લા સુનતા હે
જંગમ હોકર લીંગ બધાવે, ઘરઘર લેકર ફીરતા હે
શંખ બજા કર ભીક્ષા માગે, ઓ કયાં સાહેબ મીલતા હે
કહત કબીર સુન ભાઇ સાધુ, મનકી માલા જપતા હે
ભાવ ભક્તિસે ધ્યાન ધરત હે, ઉનકુ સાહેબ મીલતા હે

૫૬ મીરાંબાઇ.

મુખડાની માયા લાગીરે, મોહન તારા મુખડાની માયા લાગી.
મુખડું મેં જોયું તારૂં, સર્વ જુગ થયું છે ખારૂં
મન મારૂં રહ્યું ન્યારૂં ન્યારૂં રે—મોહન તારા૦
સંસારીનું સુખ એવું ઝાંઝવાના નીર જેવું,
તેને તુચ્છ કરી ફરીએ રે—મોહન તારા.
સંસારીનું સુખ કાચુ, પરણીને રંડાવું પાછું,
તેને ઘેર સીદ જઇએ રે—મોહન તારા.
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો,
રાંડવાનો ભે ટાળ્યો રે—મોહન તારા.
મીરાંબાઇ બલિહારી, આસા એક મને તારી,
હવે હું તો બડ ભાગી રે—મોહન તારા મુખડાની.

૫૭ કબીરદાસ.

રામ ઝરૂખે બેઠકે સબકા મુજરા લેત
જેસી ઉનકી ચાકરી, એસા ઉનકો દેત.
મન મરે માયા મરે, મરમર જાત શરીર,
આશા તૃષ્ણા ના મરે, કહે ગયા દાસ કબીર,
કબીરા તેરી કોટડી, ગલકટે કે પાસ
કરેગા સો પાવેગા, કોણ બેટા કોણ બાપ
અજગર કરે ન ચાકરી, પંખી કરે ન કામ,
દાસ કબીર યુ કહે, સબકા દાતા રામ.

૫૮ સુરદાસ.

વિષય વાત સમ માન તજીને, કૃષ્ણ ભજન તું કરવા હે.

ધર્મ વૃત્તિ એ ધરણી ધરનું, ધ્યાન મતીથી ધરવા દે.
અધમપણાને અલગ રાખી, ભંડાર ભક્તિના ભરવા દે.
નટવર નામનું નાવ મળ્યું છે, તો ભવસાગર તરવા દે.
નાશવંત નર નાગ છોડીને, અક્ષય વરને વરવા દ—વિષય.

૫૯ ઉદયભાણ.

માન માયાના કરનારારે જરી જોને તપાસી તારા કાયા
પુછી જોને તું પંડીત પુરાણુરે કોઇના અમર છે લેખ લખાણા
કાચી છે કાયા આ માટીની માયા માટીના ખેલ બનાયા
શાણા તો સમજી અલગ થયા પ. બાળક બીચારા લપટાયા રે
લાખોની પાંખો ગઈ છે પીખાઇ જેણે મુછપર લીંબુ ઠરાયા
કાળના કોવાડાથી કોણ બચ્યું છે હોય ભલે રંક મહારાયારે—રે
સંધ્યાના જેવા રંગ સોનેરી વંધ્યાના લાડ લડાયા
જોબન ને તન ધન તેવા સમજવા પાણીમાંના પડછાયા રે—

૬૦ વીણાવેલી.

અરે શું માનવનો અભીમાન પલકમાં ટળી જશે રે
ખરે જેમ પીપળ ઉપર પાન પલકનાં ખરી જશે રે
પલકમાં ખરી જશે રે માટીમાં મળી જશેરે
ઘડી જીવતરમાં ઘડી એક સુખની ના આ......રે નથી
મુઢ મમતામાં તોએ મરતા આ......રે મથી
પામર નર નાદાન.........અરે
કાયા કલેવર કારમું છે ગંદકીનો ગાડવો
સમજુ જને સમજી જઈ અભિમાનને વછુસાડવો
અભીમાન ફણીધરને નહીં દુધ પાઈને પેધાડવો
રાવણ સરીખે માનથી લીધો નથી કાંઈ લાડવો

૬૧ મીરાંબાઈ.

કાનુડો ન જાણે મારી પ્રીત બાઇ અમે બાળ કુવારાર—કાનુડો.
જ્યારે જમનાનાં તીરે હું તો ભરવાને ગઇતી રે
કાનુડે ઉરાડયાં આછાં નીર છાંટયા છરરરરરરર—કાનુડો.
જમુનાને કાંઠે વાલે રાસ રચ્યો છે
સોળસેં ગોપીનાં ઝાલ્યાં ચીર ફાટયાં છરરરરરરર—કાનુડો.
હું તો વરણાગી કાના તમારા રે નામની રે
કાનુડે તાકીને માર્યાં તીર વાગ્યાં સરરરરરરર—કાનુડો.
બાઇ મીરાં કહે છે પ્રભુ ગીરધરના ગુણ વહાલા
કાનુડે બાળીને કીધા ખાખ ઉડી ફરરરરરરર—કાનુડો.

૬૨ માનસિંહ અભેસિંહ.

જળ ભરવા હું ગઇતી રે સાહેલીની સંગે
આડા આવીને ઉભા રે કુંવરજી નવ રંગે
જળ ભરવા સર્વે ગયાં એ વાડી મોઝાર
થઇ ઉભા દરવાન તે બંને રાજ કુમાર
રોકી રાખી સાસુજી રે અમો સહુ પનીહારી
નામ પુછીને મારૂં રે કીધા ઠઠા ભારી—જળ.
શરમાઈ ઉભા રહ્યા શું અમ અબળા જોર
વિનંતી કાંઇ સુણી નહી દેખાડી નીજ તોર
તેથી અમો હાર્યા રે આખર એક સાહેલી
નામ દીધુંજ મારૂં રે ત્યારે દીધા મેલા—જળ.

૬૩

સંસારીયામાં કોઇએ બતાવો નર સુખીઆજી
રાજા પણ દુખીયારે, પ્રજા જન દુખીયાજી
દુખીયા જગતમાં જુવાનીયા—સંસારીયા.
આશા ત્રણુપમાં બંધાણા જીવડાજી
એક બીજાને લડાવીયા રે—સંસારીયા.
મનમાં મનોરથ મોટા મોટા બાંધીનેજી
અધમે આદરે અભાગીયા રે—સંસારીયા.
ધાર્યું હરીનું થાય મુરખ માને નહીજી
અંતે પડે હાર જુતીયાં—સંસારીયા.
ભવ રે સાગરને પાર ઉતારવાજી
રામનું નામ લે તું પ્રાણીઆ—સંસારીયા.

૬૪ મોહનીચંદ્ર.

આવશે પ્યારી, આવશે પ્યારી આવશે રે
અહોહોહો, મારી હૃદય મણી પદ્મણી પધારશે રે
હીરા મંગાવું કે મોતી મંગાવું, પ્યારીનું મન શે માનશે રે
માળા મંગાવું કે ગજરા ગુંથાવું સુંદરીને શું ભાવશે રે
ચંબેલી લાવું કે હીનો લગાવું, રસીલી શાથી રાચશે રે—
લાડુ મંગાવું કે ઘેબર મંગાવું, મોહિનીને શું ભાવશે રે—

૬૫ મોહનીચંદ્ર.

ચોકને આંગણે ચાંદની રે ખીલી રૂપેરી રંગ રંગ રે
આવો સાહેલી રંગ માણવા

ઢઇયા બોલીને બેન બેનરે વાતો કરી લોની વહાલની
વહાલા વસે વિદેશમાં, બાળા બાળે વેશ;
સઇયર શાશા મોકલું, શાચુાને સંદેશ.
કુંજલડી રે સંદેશો હમારો જઇ વાલમને કહેજોજી રે
પ્રીતિ કાંઠાના હમે પખીડા પ્રિતમ સાગર વિના સુના સુનાજી રે
કુંજલડીને વહાલો મીઠો મહેરામણ,
અમને અમૃત ખાણુ વહાલા પ્રીતમ પ્રાણુ—કુંજલ.
સાયબો મારો સુલક્ષણો, એઠા જુઠાં ખાય;
ઘરની સુખડી નાં ગમે, સોગન જુઠાં ખાય.
તમારા સમ જો તમે મને વહાલા, જુઠડા સમ ખાવછોજીરે
પીયુ તમારૂં મનડું માને ત્યાં જાવ છો,
ઘી ભર્યાં ઘેબર ઘેર રઝળે છે
કુશકા ખાવાને ધકા ખાવ છો જીરે—પીયુ તમારૂં
સોળ વરસની સુંદરી, સ્વામી વરસે સાઠ;
મોટું જોઇને મોહી રહ્યો, લાડકી કરતી લાડ.
પગમાં કાંટો વાગ્યો (૨)
નહિ રે જીવું હું તો નહિ રે જીવું
મારી સગી નણંદના વીર હો રાજ—પગમાં કાંટો.
તેડાવજો મારા બાપાજીને રે
જંગી જતીને તેડાવજોજી રે—નહિ રે.

૬૬ વીણાવેલી.

ચાલો મારા ચતુર સુજાણ હાં હા
માને નહિ નયનનાં બાણ હાં હાં
કાળજે કિનારી તારી મુરતી રસિલા પ્રાણ—ચાલો.
ઘાયલ કીધો તેં પહેલા ધુતારી મારી નયનનો માર
દાઝયા ઉપર લુણ વચન લગાડી પુરો કર્યો લાચાર
નખરેથી છેતર નાજુક નાજુકડી
માર્યો તેં હાય હાય ઠાર ઠાર
રસિકવર માર્યો તેં હાય હાય ઠાર.

૬૭ મોહનીચંદ્ર.

મારી લાડકડી લજ્જાને સંભાળજો રે
આ પાંખ વિનાના પંખીડાં પાળજો રે
એક ચતુર સુજાણ છો શું કહીએ

તેમ દંપતીને આશીશ દઇએ
હળી મળીને હેતે પ્રેમ હેમ સંભાળજો રે,
મધુરા મંત્રથી પાપ લુટારાને મારજો રે
નિર્મળ મતિ જળથી લ્હાય અનિતી નિવારજો રે
જળથી છુટે માછલી નોંધારી લાચાર
ગભરાતીના ગુણવતિ વિશ્વપતિ છે વ્હાર

૬૮ નરસી મહેતો.

વારી વારી શુ શોભે છે વીરો બીજા પાંચીકા ને પોતે હીરો
પીરશુ ખોબલીએ ખાંડ ને ખીરો દેશે બેનીને બહુ હીર ચીરો
ધરણીધરનો સેવક સદા ધીરો જેને દેખીને લાજે અમીરો
શુભ ચાહક જગ વીરનુ, બેન વિના નહી કોય;
વંશ વધારક તાતના, દિર્ઘાયુષ તું હોય.
આપ તું આશીશ, સુખડાં પામીશ, દુખડાં વામીશ બેન—વારી.
ધન ધન મારી બેનડી, વિણ સ્વારથ તુજ પેર;
સ્વારથ સઉ સંસારમાં, નહિ નરસીને ઘેર.
સાચી સાચી પ્રીત ચોડી તારે ચીત ગાતું મને ગીત બેન—વારી.

૬૯ વીણાવેલી.

જગતમાં તે નરને ધિકાર, તજે જે પરણી ઘરની નાર
બગાડે મુરખ તે સંસાર, બાળે દીવેલમાં કંસાર
અરે કેમ હાથ પડે રે અ...ર સુંદરી ઘર શણગાર
ગુલાબના દગલામાં શોભે, ધગ ધગતા અંગાર
અંગ આપણું આંળા કહીએ, કહો ભાઈ અંગ તજીને રહીએ
અ...ર કોણુ ઠાર—જગતમાં
બળે કેમ કેશર કાવામાં, લસણ તણો વઘાર
મધુર કળીમાં ડુંગળી સુંઘે, હીણભાગી સરદાર
કુસુમ કળી બાઇ દીસે કરનાં છુંદે કળીને છાકી છરમાં
અર......કુંભાર,

૭૦ ચંદ્રહાસ.

ડરમાં તું દીલસાથ છોકરા ડરમા તું દીલ સાથ
તુને કોઈ ન મારે લાત છોકરા
તુને સંભાળુ પ્રિતીથી પાળુ ચાલ તને તારા મહેલ દેખાડુ
પહેરેલા વસ્ત્ર સારા સારાં કાઢુ, ચાલ તું જો મારા મહેલના ચિત્રો

રમકડાં રૂડાં ન્યારાં ચિચિત્રો, અરે મારા કેવા છે કંકણુ હાથ—છો.
તમે માયાળુ દીલ દયાળુ સજ્જના કહ્યા વિના હું નહિ આવું
માતપિતા તમ બાત કોપાવું, નિષ્પાળી હું સહજ કહાવું
નાના નહિ હું તો ત્યાં નહિ આવું, તમે મુકો મારો હાથ—છો.

૭૧ મોહનીચંદ.

પ્યારી વાતો મધુરી કરો પ્યારની, કાંઇ ખાતર કરો દીલદારની
લ્યોને લ્હેજત જોબનના શણગારની બોલ બાળા બોલ
મદનના ભંડારની
ઘુંઘટ ખોલો બાળા બોલો, જુવાની દીવાની દીન ચારની
સુણો વાતો સુણાતું બહેવારની બીક રાખો ખુદાના મારની
બધી ગફા મસ્તી આ સંસારની, નહી ચાલે હજુર કીરતારની
જમડા ઝલે પુગ પછાડે, હેવાની નાદાની મુકો પ્યારની—બધી.

૭૨ ચાંપરાજ.

ધીક્કાર છે ધીક્કાર તુને નારીને ધીક્કાર
ધીક તારી જાતને સુઝીયો વ્યભીચાર--ધીક.
પતિવ્રતાનુ ડોળ ઘાલે પતીની સાથ તું
અંતે તું આથુ સુઝયુ ધીક છે અવતાર—ધીક.
કુળ લજાવ્યું મુળ દઝાવ્યું ધણી લજાવ્યો
પ્રાણ જશે આ મારો આ તુજ કાજ નારી—ધીક.
નફટ જરા ન આવી શરમ કર્મ શું કર્યું
ધર્મ નઝી મર્મ તારો નાઠયો તે વાર—ધીક
જોગી રાજા ભરથરી તે નરી કાજથી
મરણ રૂપ મહું થશે નીચ હાથ નાર—ધીક.
ધીક્કાર છે ધીક્કાર તને ધીકાર ધીકાર તને
તારી જાતને ધીકાર તારી માતને ધીકાર—ધીક.
અને ધીકાર તારી સાથ પરણનારને ધીકાર

૭૩ અશરૂમતી.

આવો આવો કુમકુમને પગલે
આવીજી ડગલે ડગલે
સુખ શાંતિ વ્યાપી સઘળે
રાડ હું ઠગશે ઠમશે
બોલો નહિ જરીએ બાળા
શા ચલાવે છે ચાળા—આવો.

પારસમણી પડખે પેઠી, બીક સઘળી હેઠી બેઠી
ચીર્યું જો જો ચંડાળે, બેગર્ત્તાનું હા જુપાળે
મુકું હું હાથ કપાળે

૭૪ સુશીલા.

ભાગ્ય વીના નર ભમતા ભવમાં બહુભલા ભારી
અતી દુખીઆરા હાલત હતા દેવુ વીહારી—ભાગ્ય.
કઇક કરતા નાચારી કઇક નર છે ભીખારી
કઇકને અસ્વારી કેવી, લીલા છે પ્રભુજી તારી
સુશીલા સમજે પ્યારી, વિયોગે અતિ દુખીયારી
ચાકપતીથી લે ઉગારી, કષ્ટ કાપો કરૂણાકારી—ભાગ્ય.
કહું કષ્ટ શું ગીરધારી, વાણી ન પહોચે બીચારી
વીનતી ચાલે વિભુચારી ઇશ દયા કર આવારી—ભાગ્ય.

૭૫ મોહીનીચંદ્ર.

લે વચન (૨) વજા રાખે ભગવાન સહાય તે ધણી રે
છે વચન (૨) પરમારથ કારણુ પ્રાણુ તરખલું લઉ ગણી રે
વીના વીનંતી વાદળ વરસે હરદમ ઉગે ભાણુ બાળા
તરૂવર ફરતાં સરવર ડળતા કોણુ કરે છે તાણુ
વીર વિક્રમ વિદેશ ભટકયો શું લેવાને લ્હાણુ
તન ધન અરપે પર ઉપકારે, ચાતુર ચતુર સુજાણુ.
પર ઉપકારીની બલીહારી જીવ્યું તેનું પરમાણુ.

૭૬ કૃષ્ણચરિત્ર.

દાણુ માગે રે દાણુ માગે.
કાનો કાંકરી મારે તો મને વાગે દાણુ.
કાનો કીયા મુલકનો દાણી,
મારી નવરંગ ચુંદડી તાણી રે—દાણુ.
કાનો કીયા મુલકનો સુબો
મારી વાટડી રોકીને કાન ઉભો—દાણુ.

૭૭ ઉદયભાણુ.

મુને સહાય કરશે મોરારી રે વારે ચડશે ગોવરધન ધારી
અહલ્યા ઉગારી મીરાંબાઈ તારી
બેની ચિંતા કરીશ નહિ તું મારી
મંજારી બચ્ચાને બળતા ઉગારી,
મોક્ષ દીધો ગજેન્દ્રને તારી.

દ્રૌપદીના ચીર પુર્યા
ચારી તે સહાયકારી.

૭૮ ઉદયભાણ.

બોલો મારા પ્રેમી પોપટજી બોલ બોલો.
બોલો બોલો મેના બોલાવે, ડોલો રંગરસીયાજી ડોલો.
જરી ડોલો ડોલો ડોલો પ્યારી ડોલાવે.
મેના તારા વચનની વેણુ વાગી,
લાગી લાગી લલિન લ્હે લાગી
મેના વહાલી મેના કેના કહે પણ જાગી
જાગી જાગી અજબ જ્યોત જાગી.
પહેલાં પોપટજી પ્યારા રામજી સંભારો
વ્હા વ્હા મેના શું સતી સંતા વિચારો
ચતુર સુજાણ સીતારામ ઉચરાવે—બોલો૦
પોપટજી પાંજર સોનાનું સજાવું
લાડલી હું લાલચુ નથી કે લલચાવું,
સોને રૂપે શું ભીડ ભીતરની ભાગી—વાગી
ભાવના ભુખ્યા સુતાની ભાવના ભુલાવે—બોલો
રૂડા સુડાને રંગે રંગ રમાડો,
પાંખે ઘાલીને પળ મીઠા ખવરાવો

૭૯ સરદારબા.

દશા કરે તે કોઇ નવ કરશે મુરખ કરે અભીમાન
પ્રાણી બીચારૂં તુચ્છ મગતરૂં, કાળ કયાં અનજાણ
હુંપદમાં મરડાઇ મરે પણ, ધાર્યું કરે ભગવાન—દશા.
નીરધનીયા પળમા ધનવંતા ધની થયા લાચાર
સદા સુખી કે સદા દુખી, નહિ કોઇ જગતમાં રહેનાર
કુંપળ હસ્તી પાન ખરંતા, તે પણ છે ખરનાર
સત્ય ટેક ખાતર જે રહેશે, આફત અપરપાર
નામ અમર રાખે તે જુગજુગ, જનમ્યું તેજ જનાર
નાહક આકીન છે કે નીચ જન, સત્ય સત્ય સહાયક કીરતાર

૮૦ મીરાંબાઇ.

હરી વેણુ વાયછે રે હો વનમાં, તેનો ઝબ વધ્યો મારા તનમનમાં
ચીતડામાં ચટપટી રે હો લાગી, છીવન જોવાને હું જાગી
રસીયાજીને રે હો રામે, વ્યાકુળ કીધા છે વહાલે

ગતમતે ઝુમી રહો ગેહની, વનમાં બંશી વાગે વેહની
ધીરજ ધરીયા હો ધ્યાને, કાંકણુ નેપુર ધર્યા કાને,
સેજેં કાજલ રે હો સાર્યા, વેદમાં બાળકને વીસાર્યા.
પ્રીતમ પરવશ રે હો કીધા, લજ્યા લોપી મન હરી લીધાં
કંઇ કંઇ વાર્યાં રે હો કંથે પ્રભુજીને મળવા ચાલ્યા પંથે
ત્રીભોવન નીરખ્યા રે હો તમને, અંગમાં આનંદ વાધ્યો અમને
વાલમ જાયા રે હો વનમાં, મીરાંબાઇ મહાસુખ પામ્યા મનમાં.

૮૧ મીરાંબાઇ.

ગોરી ગુણીયલ જાશુ અમારે ગામ રે
નારી જપશે નીશ દીન નાથ નામ રે
માળ ધારી હાથે કહીશ સ્વામી સ્વામી
શાશ સ્નેહે નામી જેમ ભક્તિ ગામી જપે રામરે—ગોરી.
રાજકુંવર દુડા અતિ, અવની માંહી અનેક,
દુધ થકી જીવે નહિ, મીન તણી એ ટેક
એમ કરતાં કસોટી જો કંચન થાશો
ગુણ મારા ગાશો પ્રીત પાણી પાશો
રંજ રતી, થાશો આપ કામ રે.

૮૨ રામ રતન.

જીવ જાતા એક જાશ વિશ્વ સઙ વેરાન દીસે,
વિશ્વ સઙ વેરાન દીસે ક્યાંય આરામ દીસે;
સુના મંદીર સુની મેડી, સુનાં નગી નગીઆં
સુના દીલને સરવ આજે, સગમના સમશાન દીસે
માટીનું ખોખું તજી, એ પ્રાણ પંખીડું ગયું;
આ માટીના ગાળા મટી એ ખોખું પણ નાના દીસે—જીવ.
જીવતા જે જાણુતા તો આ મારો છે,
તે પંથી તો પંથે પડયો આ જીવને ના કામ દીસે.

૮૩ રામ રતન.

કોયલડી કાં કરે કલોલ કંઠ મારો જુને આંબાની ડાળ,
બોલ તું એકવાર મીઠડી બોલ, રસના રંગે ડોલે મારો લાલ—કો.
કોયલ બોલે રનીયા ડોલે, ગીરી ને ગગન રે,
મંદ પવનની લહેરો ડોલે, મારા સાહેબાનું ડોલે જોબન;
બોલ તું એક એક વાર મીઠડી બોલ—કોયલડી.
તારે બોલે મારો સાહેબો ડોલે, તો છુટે અજબ રસ ધાર રે;

એ રસ પારે બીજી રસીક તુને આપુ તે આપુ આશીશ હજાર.
બોલ તું એકવાર મીઠડી બોલ—કોયલડી.

૮૪ ગુણસુંદરી.

જાર નર નારને ધીકાર છે હજાર વાર—ટેક.
જાણો તેવડો ગમાર, મુરખનો સરદાર;
અપરાધી એ અપાર, સમજે સજ્જન સાર—જાર.
દામને ઉડાવનાર, વખત ગુમાવનાર,
શરીરને સુકાવનાર નરકનો ધરનાર
લાજને લુટાવનાર. જગતમાં જાણો જાર—જાર
પ્યારમાં જનો હજાર, બહુ થયા ખુવાર;
નથી મળ્યો જરી સાર, વ્યભીચારમાં લગાર;
જુપર ઘણેરૂં ભાર, વ્હાલો પ્રભુને લગાર;
નથી નથી તલભાર, અંતરીત પ્રભુ મારમારશે અપાર.
ગદા મોગરીથી ઠાર,
પછી નરકના દવારમાંહી,
જમદુત હડસેલી નાંખે નીરધાર—જાર

૮૫ નવલ કુસુમ.

છોડો સામુ અરેરે (૨) જોશે કોઇ તો કહેશે છીનાળ,
એમાં શાની ડરે છે (૨) હજુ હું છું કુંવારી બાળ;
આળ ચઢેની બાળનો કોઇ ન ઝાલે હાથ,
તે આ બંદો પ્રેમથી પરણી થાશે નાથ;
જેવાં આ બાઇ હરખાં તેવાં આ બાઇ સરખાં,
કહે કેવી જુગતી છે જોડી, દીવી જોડાની નહી પામી ખોડકેઓડ

૮૬ કામલતા.

કપટી દીલ તારૂ તપાસી જોને વાંસી રહ્યો કાં હાં હાં
કુંવારી બાળા ફસાવી ખોટી, લલચાવી તે જુલી ગયો કાં—કપટી
વાણી મીઠી તારી ઝેર ભરી, મારી જીદગીને ધુળધાણી કરી
રાખ ઇશ્વરની બીક મનમાં જરી,
જાય છેક અભીમાનમાં વધ્યો કા—કપટી.

૮૭ કુલીન કાન્તા.

અરે હું મસ્તાની પ્રેમની, મને કોઇ ન છેડો રે;
લાચાર હું બીચારી છું, શીદ લ્યો છો કેડો રે,
જુવાનીથી દીવાનીથી છું, મારો છોડો છેડો રે—ભેલા અરે.

પ્રાણદાન છે પ્રીતમાં, પુછી કરજો પ્રીત;
પ્રાણદાન તો સેહેલ છે, કઠણ પ્રીતની રીત;
આધાર તું કીરતાર, મારો પાગ બેડો રે—અરે હું.

૮૮ આબેહુસ્તી

પાહજી ગાહજી રંગ રગીયા બનને ભંવર.
રસ લુટકર ચલ દીએ,
શેલ તુહી તુહી હય બહાર,
કયા ખુબ કયા ખુબ,
કયસી બહાર દીખાતે હો પ્યારે
ચમનમે ગુલ ખીલા ભવરમે જુલ ગીલા
કરન પ્રીત નીત્ત મતલબકી;
પ્યારે ન બોલો સુખન એહ,
દીલે શયદા હમારા તુમહારા હુવા
બાતે ન અયસી બનાયો તોરે સઇયાં;
વાહ વાહ વાહ રગ ખુબ આજ હય.

૮૯

ધુએકી ગાડી ઉડાએ લીએ જાએ
પયશેકા લોભી ફરગી ચારે બાજુ,
જાત નહિ દેખે જમાત નહિ દેખે,
ઓકીએ સબકા બીઠાય લીએ જાય
હીંદુ મુસલમાન ભગી ચમારસે,
ટીકીટકે રૂપઇએ ગીની લીએ જાય
દીલ્હી શહેરસે ચલે જો મુસાફિર,
મુંબઇ કલકત્તા ભગાય લીએ જાય—ધુંએકી.

૯૦

જપતી પ્રીતમની જપમાળ, જુવતી જો અલબેલી;
જોબન રસ રંગે જોની, આ બની ઘેલી,
વ્યાકુળ વૃક્ષના વિણ વહાલી વેલી—જપતી.
તન મનમાં વ્યાપી રહ્યો, જોબન વસંત જોગ.
રસ ભોગી રસીયા વિના, રમશો ક્યાં રસ રંગ.
જાણ્યું ન જડીઓ કોઇ રસીઓ રંગીલો;
ચપ ચપ કરતી લેતી જા તું ચમેલી—જપતી.?

પેટ દુખે શીર કુટતાં, સંકટ બા ન સમાય;
બાગતાને બાળી સખી, કહીંડે શું કરખાય.
આહા આફળાએ શાને છેક છબીલી—વ્યાકુળ.

૯૧ ઉણાદેવડી.

જા જારે શું રીસાય, રસીલી નજર મીલાવી લે (૨)
ચટપટ ચીનમાં લાગી ચતુરા ચહેરો જોવા દે;
હીરા મોતી માગ્ય મધુરી ઝાંઝર ઝુમણા લે,
મદન અગન તનમાં લાગેલી તરત બુઝાવી દે;
સમતા નથી રહેતી રે સલુણી મરમ વચન મુકી દે.
કલ્પલતામાં છબીલી તુજ છાયે પામર પંખી લે.

૯૨ વીણાવેલી.

ફગ્યો સખા સૃષ્ટિનો શણગાર હારે,
ચાલ્ય ચાલ્ય જોવાને ચંદ્રમાં
જેને પ્રેમ ઘેલી ભુમીના દેદાર,
જેને ડોલે સૃષ્ટી આનંદમાં—ઓહો.
ધન્ય ધરા સુંદરી તને, ચતુર ચંદ્ર તુજ કાંત;
શાંતિ પાઠ પઢાવતો, સાધીને એકાંત.
ધરણી પડી પતિને પાય, શીક્ષા શીરે ધરે રે
ગુણીયલ ગોરી પતિ ગુણ ગાય, શાંતી ચીતે સ્મરે રે,
ઘરોને બ્હેન ધરતી માતાનું કહ્યું કાન
પ્રીતેથી કરો સંસાર સુધારસ પાન—ધરણી.
ચંદ્ર સુખે ચીટાકને, તારાનાં મુખ સ્યામ;
સદગુણીના સુખ બાળીને, રમે દુષ્ટના રામ;
સખીં જેને પતિનું માન, તેનાં ગંધર્વ ગાએ ગાન,
પામે દેવી સમાન સનમાન, રમે રામા રસીક લપતાન,
ઘરની નાર સમ ગ્રહણીઓ, સેવે સ્વામી પાય;
ચતુર ચંદ્રસમ ધણી મળે, જ્યાં જ્યાં ત્યાં ઉચરાય—ધર.

૯૩ કરણશીલા.

આંખલડી અણીઆરી રે, જરા નચાવ નખરાંવાલી,
જે નખરે રે તારો વાલમજીને વશ કીધા;
ભમર કમાન જરા ખેંચી ખુશીથી, કોપ કટાક્ષ કર આકી રે
જરા નચાવ નખદાં વાલી.
જે નખરે રે તારા વાલમજીને વશ કીધા,

લટક મટક અને ચટકતી ચાલ આમ, ઝાંઝરથી ઝમકાળી રે,
જસ નચાત નખરાં વાલી.
જે નખરે રે તારા વાલમજીને વશ કીધા,
લ્યો લટકો મટકો ચટકો આ, આલો સતાવો શું ઠાલી રે,
જુઓ નાચે આ નખરાં વાલી,
જે નખરે રે તારા વાલમજીને વશ કીધા.

૯૪ ત્રીવિક્રમ.

પુનમ ચાંદની ખીલી પુરી અહીં રે,
શોભે રજની સુંદર શીખાજ
હેતે રમીએ સંઘાતે સહીયર આપણે રે
માંહે જડીયાં છે નીલમ મણી નંગ---હેતે.
મળી આજે આપણે, ધરી સોળ શણગાર;
કર કંકણ ચુડી ચમક, ચંદ્ર તેજ એક તાર.
હીરા રત્ન જડીત ઉર હાર છે રે,
મોતી ગુચ્છ લટકે છે બાજુબંધ—હેતે,
અંબોડા ફુલે જડયા, સર સેંથે હીંગુલ;
કીધા કુમ કુમ ચાંદલા, મુક્તામાળા ઉર.'
આરસ પારસમણી જડેલો ચોક છે રે,
તેમાં વસ્તા હઇયે નણદલ વીર—હેતે.
પહેર્યાં ઝાંઝર પ્રીતથી, ઝણુ ઝણુ કરે ઝણકાર;
ફરીએ સહચર ફુદડી, આ રજની મોઝાર.
સખી વેલીઓ ફુલી એ વિધ વિધ ભાતની રે,
લે તો આપે છે શી સુંદર સુગંધ—હેતે—પુનમ.

૯૫ પવિત્ર લીલાવતી.

બાઇ પટારો કેમ ઉઘાડયો જોઉં કુંચી બેસારી કેઇ;
સાહેબ બાપા બહાર ગયા છે, શું ગુંજામાં ઘાલ્યું લઇ
બધું ઘરેણું કયાં લઇ ચાલ્યા, આમ કરી તસ્કરનું કામ,
પડશે માથે અરે અમારે, પાછું મુકો તમે તમામ
ચબાવલા તું ચળી ગયો છે, પરની તારે શી પંચાત;
બસ બસ તારે નહી બોલવું. હમણા પાછળ પડશે લાત.
નીચ જાત ચાકરની તારી, આખર જોડા ઉચકનાર;
આવ રાંડના હવે અડાવા, બંદા તો ચાલ્યા બહાર.

૯૬ મોહનીચંદ્ર.

ધીરી ધીરી સુંદરી જરા ધીરી,
તારા વાંસે લીધી છે ફકીરી—સુંદરી.
નયન મીલાવો પ્યારી હસી બોલાવો
આપીશ આખી અમીરી—ધીરી.
રૂપે રીઝાવું કહે તો સોને મઢાવું,
દૂર કર તું દીલગીરી—એજી દુર—ધીરી.
ધીરા ધીરા કુંવર જરા ધીરા,
સગા માડીના જાયા ઓ વીરા—કુંવર—જરા.
જેવી પોતાની તેવી નારી પરાઇ,
પરસ્ત્રી પરબત્ર પીડા,
રાવણ રોળાયો દુરીયોધન દગાણો
કઇયા કીચકના થઇ ગયા ચુરા—ધીરા.

૯૭ વીણાવેલી.

સુંદર સામળીઆ, નામ જપીશ નીત તારૂં
મનહર ના મળીઆ, કાશી કરવત ધારૂં.
શામળા શણગાર અમારા, કાળજુ હર્યું કામણગારા
વીનવે કરગરી દીન દારા, દરશન દો દીલદાર તમારા;
કયા હું કહું દુખ માહુ—સુંદર.
આસપાસ નહિ વાસ જહાળુ, અરરે ત્રાભુવન ભાસતુ કાળુ;
નીરખ્યુ નહિ કદી મુખડું રસાળું, જઇ હીમાલય ગાત્ર હું ગાળુ
હરી દેવ દયાળુ—સુંદર.

૯૮ પવિત્ર લીલાવતી.

પ્રીતી પાતરની કરનાર, સરવે મુરખના સરદાર;
નીતિ નીપુણ ગણે નાદાન, પીડા પામે અપરંપાર.
જેની સાથે જવ તળ બાળી, માત પીતા પરણાવે,
એને ત્યાગી નિરભાગી નર, આપણી પાસે આવે.—પ્રીતિ.
પતિ સુખ પકવાન સરખું, તૃપ્ત થયા નહી તેથી;
ગણીકા ગમન વમન સમ ગણતું, અરે થશે શું એથી—પ્રીતિ.
શું એનાથી કારજ સરસે, એ શું સારૂં કરશે,
શ્વાન સમાન સદા અથડાઇ, મોત વગર તે મરશે—પ્રીતિ.

૯૯ ચંદ્રહાસ.

થયાછો રે પતી તેજ પ્યારી તનના ઉર હસી વળી આજે

છેલ છબીલા રૂડા રંગીલા રાજપુત્ર પ્રખ્યાત.
જોયા બાગે, અનુરાગે, પ્રીત લાગે, કેમ ત્યાગે,
પ્રભુ મેં તનમન તમને અરપ્યું થઇ રાજી—થયા.
કૃષ્ણ કૃપાએ તમોજ મળીયા દીલમાં જે ચિત ચહાય,
નોતુ નકી, નોતુ વકી, નિશા પકી, વિધિ લખી
પ્રીયા ઉત્તમ તન બની દેવ સુંદરી, પદમણી ગળી આજે—થયા.
મહેલ જતાં તે દી તરછોડી હવે ન મુકુ હાથ;
ચાલો આવું, મન ભાવ્યું, કેમ નાવું, પ્રિય કહાવું:
હવે હાજર છું તનમન ધન દેવા, જેમ પ્રેમ છાજે—થયા.

૧૦૦ ઉદયભાણ.

સાહેબા સલુણા નાની નણદલના વીરા,
લાલા લટકાળા મને (૨) આછા આછા ઘાટ ઘડાવો મારા સાહેબા
સરખી સહીયર મળી હાંસી કરે છે
લાજી મરૂછું બાઇ (૨) વેલા વેલા સોનીડા તેડાવો મારા સાહેબા.
નાનુ શું નાથ એક ઝુમણું ને મહી ઝીણાઝીણા હીરલા જડાવો
નવસેરો મોતીનો હાર મારા સાહેબા ઝીણાઝીણા નીલમ મુકાવો
જોગવાઇ જાસ્તી જો હોય મારા વાલમા, કંકણુને માણેક મઢાવો
ગરીબધણીને બાઇ ઝાઝુને શું કહીએ, બસ આટલેથી મનવાળી દઇએ
બાઇ સાબ મોટા એક પાણો માગી લઇએ—સાહેબા સલુણા.

૧૦૧ સોભાગ્ય સુંદરી.

પહેરી ચોળી લટકા મટકા કરતાં આવ્યાં
રંગે બોળી સાડી ઓઢી મન લોભાવ્યાં;
ઝાંઝરના ઝણુકારે ટર કંકણુના ખખડાટે
કાજળથી નેત્ર દીપાવ્યા—પહેરી.
હવે શરમાવો ઠાલા, શાને દીયરજી મારા;
બોલો બોલોજી બોલો બોલો
મેં કેવા તમારાં નખરાં તો જણાવ્યાં—પહેરી.

૧૦૨ વીણાવેલી.

કયા કાચો કુંભ છે, જીવ મુસાફર પાસ;
તારો ત્યાં લગી જાણજે, જ્યાં લગી શ્વાસોશ્વાસ,
રાખે જેવી રીતે રામા, રંગ તેવી રીતે રહીએ—સદા.
પીપળ પાન ખરંતા, હસ્તી કુંપળીઆં;
મુજ વીતી તુજ વીતશે, ધીરી બાપડીઆં.

નહી જેવીને તેવી નીત્ય, કોઇની નભતી જોડએ;
દશાના ઢંગ રૂતુના રંગ, જોઇ દેખી લઇએ—સદા.
કદી મહેલો માળીઆં, કોમળ છપ્પર ખાટ;
કોઈ દીન એવો આવશે, ભુખ્યા ન મળે ભાત—સદા.

૧૦૩

બટવા ગુંથન દેરે મીજાજવા—બટવા.
આ મોરે બાલેકા બાલા જોબનવા—બટવા.
ચીકનેમે ચીકના પીપળકા પતવા, દુસરા ચીકના ઘી
તિસરા ચીકના ગોરીકા જોબના, યારોકા લલચાય જીવ આજ
નદી કીનારે પલંગ બીછાયા, પાયા ઢુલ ઢુલ જાય,
કીસ પાપીકી નજર લગી, મેરા પડદા ખુલ ખુલ જાય—એ.
નદી કીનારે બગલા બેઠા ચુન ચુન માછલી ખાય,
ગડી મછીને ડંખજ મારા, તલપ તલપ જીવ જાય—આજ.

૧૦૪ પવિત્ર લીલાવતી.

સખીઓ નીજ નીજ નીતિ ધરમ મહા સંભાળીએ રે;
પરમ પવિત્ર પટકુળ પહેરી પરીધાન
શાસુ સસરા માત પિતાની સેવા સાચવો રે;
ભાવ સહિત ભક્તિથી નીત ભજીએ ભગવાન
એવા ઉત્તમ ગુણુથી, ઉભય સકુળ અજવાળીએ રે—ટેક.
નજરે નજર ન જોડીએ, નાથ વિના નર સાથ;
પર નરને નવ આપીએ, તાળી હાથો હાથ.
હસવું રમવું જમવું, એકાંતે નવ બેસવું રે;
પતિ વીણુ પતિના, પણુ સદ મિત્રોની સંગાથ—એવા.
નાથ વિના કરવી નહિ, વિનોદ ક્રીડા વાત;
વિશ્વ વિરૂધ ન વરતવું, ભલે તાત કે ભ્રાત.
સજની ભ્રષ્ટ થવું નહિ, સુંદરી સદ્ આચારથી રે
નિરલજ નટ ખટની સોબત તજવી સુજાત—એવા.
કુષ્ટી કદરૂપ કુબડો, નિરધન નિરબળ કાય;
મતિ હિણુ પતિત પતિ મળે, એ પતિને સુર ચાય.
જોડી પગ અંગુઠે દ્રષ્ટિ આધુ ઓઢીએ રે,
સુખકર સાચવીએ સહુ સાથે સંપ સદાય—એવા.
ઉંચે સ્વરે ન ઉચરવું, મુકીને મરજાદ;
લલિત બેન કરવો નહિ, વડીલથી વિવાદ.

અંબાળ ચાલે ચટક મટક ચતુરા ચાલ ચાલીએ રે;
શિવસુત કેશવની શીખામણ અંતર ગાઢ—એવા.

૧૦૫ ઉમાદેવડી.

નથી જગતમાં સાથ સંબંધી વિના ત્રિભુવન નાથ,
શું ફોગટ ફાંફાં મારે મુરખડા ભરે આભથી બાથ.
કમળ પત્રપર જળબિંદુને સુકાતાં શી વાર;
શ્રાવણની જળ ભરી વાદળીઓ, વિખરાતાં શી વાર;
જીવતર સમજવું તેવું, આખર ન લેવું દેવું
જીવ જવું છે ખાલી હાથ, અંતમાં પાપ પુણ્ય સંગાથ
    પંથી જીવ પામી ગયો, નરભવ નગર બજાર;
    સોદાગર સમજી જઇ, કરો પુન્ય વેપાર.
જીવ જવું છે ખાલી હાથ, અંતમાં પાપ પુન્ય સંગાથ.

૧૦૬ વિજયા વિજય

ધન ભાગ્ય પધાર્યા ભમરા, છો દિલહર કાળા કમરા;
કમલાપતિ આપ હું કમલા, રસિયા રસિક શણગાર,
તું પ્રેમ બતાવે ખોટા, પાતર ધર પ્રીતિ તોટા;
નહિ ગુલાબ હજારી ગોટા રે તું છટકેલ છકેલી નાર,
શણગાર મઝા નહિ માની ફોગટ સમજે જીંદગાની
છે ધરમ કરમ ધુળ ધાણી રે—શણગાર—રસીઆ
છે વિષય વિષનો પ્યાલો જમપુર નક્કી જ્યાં ઝાલો;
ભત્ર એળે મદનથી મહાલ્યો રે છટકેલ છકેલી નાર.
હજુ કુંવર તમે છો કાચા નથી શીખ્યા મદનની વાચા
નથી નયન મુરલીએ નાચ્યા રે—હજુ.—રસિયા.

૧૦૭ પવિત્ર લક્ષ્મી.

નયન મિલાવી લે ઓ છબીલી, નયન મીલાવી લે;
ચટપટી ચિત્તમાં લાગી ચતુરા, ચુંબન કરવા દે,
મોતન માળા જડીયન સાડી, જે જોઇએ તે લે—રસીલી.
લગની લલના લાગી રહી, તુંજ મ્હોરો જોવા દે;
નાજુક વેલી કોમળ ખીલેલી, કળી ચુંટવા દે—છબીલી.
મદન અમન તનમાં લાગી, જલદી બુઝાવી દે—છબીલી.
આલીંગન આવી અલબેલી, ભેટે પ્રેમની લે—છબીલી.
અધરામૃત રસ પાન કરાવી, મધુર વચનરસ મુખ કહે—રસીલી

૧૦૮ આશાવરી.

શું નટવર વસંત થેઇ થેઇ નાચી રહ્યો,
નાચી રહ્યો જગ નચાવી રહ્યો — શું.
કોયલ મધુર મોરલી બની, છેડે નટવર કાન;
વિરહ પેસી ગોપી ઘણું, તજી નીકળ્યા અભિમાન.
રસિયા વિનાની બની બાળા હો બાવરી,
વેણુ વસંત ચિત્ત વિંધી ગયો— શું.
શિતળ સુખકર પવનની, લ્હેર ઘુમે ચોપાસ;
જાણું રાધા કૃષ્ણજી, રાસ રમે છે ખાસ.
વિધ વિધ પંખીના વેણુ ઘુઘરી ઘમકે રે,
મહિ મહિ મેનાના નાદ, ઝાંઝર ઝમકે રે,
નવ પાલવ વાઘો ધરી, પચરંગી શીર પાવ;
ફાગ લાગ સાધી રમે, મદનરાજ મહા ભાગ્ય
લ્હેરી લાલાથી રમે લલનાઓ લાડમાં,
પ્રીતિ ગુલાલ લાલ ઝાઝ ગયો—શું.

૧૦૯ ભરથરી.

ધીક ગુવા ધીક મુજને, ધીક કામ વિકારજી;
જેણે ભુલાવી મને સચથા, કર્યાં નીચ વિચારજી,
ભેખ રે ઉતારો રાજા ભરથરી.
ક્ષમા રે કરો રાજા રંક હું, નારી અજ્ઞાન જાનજી;
અન્ય વખત આવું નહિ કરૂં, લાજ્યા માતને તાતજી,
ભેખરે ઉતારો રાજા ભરથરી.

૧૧૦ ભરથરી.

કપટ રૂપી રાણી પીંગલા, આ શું બોલો વચનજી;
રાજ રે તજ્યું તુજ કારણે, જો વિચારીને મનજી,
ભિક્ષા દેને મઇયા પીંગળા.
તું રે ખોટી ખોટું રાજ છે, ખોટો સારો સંસારજી;
અલખ જગાવું વન એકલો, જેથી પામું ઉધારજી;
ભિક્ષા દેને મઇયા પીંગલા.

૧૧૧ ભરથરી.

સુણ બી જીન ભરથરી ભુપ, ઉજેની તારીમાં ન રહું રે
રાખ ચતુરાઇ રહે ચુપ—ઉજેની.
હવે માળવાનું અન્ન ન ખાઉં—ઉજેની.

વેગે અરણ્યમાં હું તો ચાલ્યો જાઉ—ઉજેની.
ધિક ધિક લપટાણો મતિ મંદ—ઉજેની.
ફટ ફટ સમજ્યો ન નારી ફંદ—ઉજેની.
ફસ્યો પીંગળાના પાપી પંજા માંય—ઉજેની.
વાગે ત્યારે સંભાળજે તેનો ઘાવ,
ચાલ્યો જાઉ સાચો ક્ષત્રી ધરી હામ—ઉજેની.
તારી ઉજેણીમાં ટકવું હરામ—ઉજેની.

૧૧૨ વીણાવેલી.

પાતળીઆ પરીશ્રમ લ્યો શાને પોઢોને મારા સમ મારા સમ છે
ચાલોને ચપળા આવું હું આટલે નાથજી મારા સમ મારા સમ છે
ચિંતાને ટાળવી, પુંઠ ન બાળવી, લુંડીને ભાવળી
આ પ્રાણપતિ મારી વતિ—પાતળીઆ.
રસીલી તુંતો રોજ હસતીને હસ્તી, સતિપાસે જરા પતિનેહોયરેતરડી
અલબેલી રાખે રમણ સુખી, ત્હારે તેને ધન્ય તેને ધન્ય છે
પતિની ઉદાસી ટાળી રહે દાબી
આ શાણી સતિ ભાગ્ય વતિ—પાતળીઆ.
ચાલચાલ તોયે થોડેકસુખી આવું જાઓ ત્યારે મારેજ નથી જાવું
તારા જેવી સતી સુંદરી પામે વાહરે તેને ધન્ય ધન્ય છે.
મોહનની માળા જપે બેઠી, બાળા છબિલા છોગાળા;

૧૧૩ ઉદયભાણ.

બાળા ભોળારે કુમારકા પરણીને પસ્તાયા રે
પેહેલાં ફુલી થયાં ફાળકા, હયડામાં હરખાયા રે
ચાર દિન વહુ લાડકા, મનડામાં મલકાયા રે
મેં તો જાણ્યું કે બાઇ ફુલડે પુજાઇશું;
ખાજાં જલેબી નીત નીત ખાઇશું.
મેં આગથી મનમાં ધાર્યું માનમહિ મરડાઇશું;
નણદીના વીરાને ઘડી ટીંમાવી ભાગોળે જુ પાઇશું રે
મોહન મળીયા, વાતમાં વઢીયા—
નળીયા ખખડીયાં, પાણી ઉચરીયાં (લે શાંડ દીવો)
મેં કહ્યું ઉહું (૨) ચડસમાં ચડીઆ, ખુબ કકળીઆ,
ઉહુંનું ઓસડ ધોકા પડીયા—પરણી.
પરણ્યો પીટયો પરઘેર ભટકે ઘરમાં ન ખાવા પીવા રે
વરણાગીમાં વાંકો હીંડે, પતિ કુળ એવા દીવા રે

તોયે એ બાઇ રે ધોકે ધીબાઇએ—પરણી.

૧૧૪ બહારે ગુલશાન.

કસુંબી કસુંબી કસુંબી કસુંબી રંગ હો ગએ,
એક તો મેં નેના કસુંબી કસુંબી રંગ હો ગએ;
કાં કાં જાગે સારી રાત, નેનાં કસુંબી રંગ હો ગએ;
એક તો મેં રાજા (૨) મેં રાજાકી બેટી (૨)
મેરા સઇયાં હે નાદાન, નેના કસુંબી રંગ હો ગએ;
એક તો મેં પાનો મેં પાનો, મેં પાનોસે પતલી;
સજે હે સોલે શીણગાર, નેનાં કસુંબી રંગ હો ગએ,
એક તો અધેરી અંધેરીરી રતીઆ (૨)
બની છાયા ઘમઘોર નેના કસુંબી રંગ હો ગએ.
એક તો બાલિ મેં બાલિસે ભોળી;
મેરા સઇયા હે નાદાન કસુંબી રંગ હો ગએ.

૧૧૫ સૌભાગ્ય સુંદરી.

મારા મનમાં તનમાં ભર્યો છે ડર્યો છે ભય જાઉ ગજ જોતી
વળી ગુમાવ્યુ મે ભાગતાં ભાગતાં (૨) નાકુ વેસરનું મોતી,
હાલવું ચાલવું હારી છું હાય જીવ મારો ગભરાય;
કેદી ફરી મારૂં મળશે મોતી ગોરી હું કાઢીશ ગોતી—મારા.

૧૧૬ વિબુધ વિજય.

પ્રેમનો કોલ દીધો રાજકુમાર મારા થઇ ચુક્યા પ્રાણ આધાર
મારા રસીયા રાજકુમાર—પ્રેમનો.

લીઓ કોલ આ પ્રીતથી, ગણો સદાનો દાસ:
રસીયા રસ બસ કરો, બાંધી પ્રેમનો પાસ—પ્રેમનો.
મધુર મુખ જોયા વિના, ક્ષણ હવે રહ્યું નવ જાય;
ધર્મ વિધિથી હસ્ત મેળવ્યા, વિના ચુંબન નવ થાય.

પ્રેમનો કોલ દીધો રાજકુમાર.

૧૧૭ વિક્રમચરિત્ર.

કોઇ દુધ લ્યો દિલ રંગી
શોખીલા આણુ ઉમંગી હો,
કેરી પીએ કસુંબલો, ગાંજો પીયે અબધુત;
દારૂ દીવાના પીએ, દાના પીએ દુધ—કાં કોઇ.
એક અમીરસ દેવનો, બીજો રસ છે પ્રેમ;
ત્રીજો રસ ગોરસ ભલો, પીયે કાયા હેમ.—કોઇ.

ગોરી ગવરી ગાયના, ગોરા અમારાં દુધ;
હું પણ ગોરી ગોરડી, ગોરૂ દીસે શુભ્ર—હાં કોઈ.
હેમ કટોરો હાથમાં, માંહી અમૃત સાર;
ચતુર હોય તે ચીતવે, ગુણ સમજે ન ગમાર
કોઇ દુધ લ્યો દિલ રંગી.

૧૧૮ મુળરાજ.

ગુલાબી મધુ પાજો મારા લાલ, મારા રંગબીના મહારાજ,
મારા રસીક છબીલા રાજ—ગુલાબી.
કામની કેરો કંચડો રે, જોબનીયાનું જોર.
રસીયાનો રસ પ્રાણ છે રે મીઠો મધુનો તોર—ગુલાબી.
એક બુંદ બંધન હરે રે, પ્યાલો હરે સહુ પાપ
સીધો સરગનો સાથીડો રે, આપે આનંદ અમાપ—ગુલાબી;

૧૧૯ રાણકદેવી.

આવી રે રંભા જાણી જવા કેમ દઇએ—ટેક.
અંગે અગે મનોહર સુંદર સોરઠનો શણગાર;
વીશળ એહ વરજો બીજે ખોટ ખાય ખેંગાર—આવી.
નીપજ્યું રતન આમ નીમાડે, નહોતી ખબર લગાર
નહીતર દેશળ દીન કેમ કાઢત મામા રાખેંગાર રે—આવી.
વીશળ મામાનો કટો વેરી, સોલંકી સિધરાજ;
આવી આંગણે લઇ જાય તો, જાય આપણી લાજ રે—આવી.
અનેક જુગતિ જઇ વાપરવી, પ્રીતે મામા પાસ;
પરણો મામા મળી પદમણી, નહીતર અમે ઉદાસ—આવી.
સિધરાજનું સગપણ ખંડન, કરવું મારે કામ;
દઉ મામાને પરણાવી તવ દેશળ મારૂં નામ—આવી.

૧૨૦

બંસી વાલા આજો મારે દેશ,
થારી સાવરી સુરત પ્યારા બેસ—બંસી.
આવન આવન કર ગયોજી, કર ગયો કોલ અનેક;
ગીણુતા ગીણુતા ઘસ ગઇ મારી,
આંગળીઆરી રેખ બલાજી આંગળીઆરી રેખ;
સાવરીયા રસીલા સલુણા, પીયાપે છુપાપેકરૂંજેની
રશાથી. સાવરીયા.

૧૨૧

નારીના કટાક્ષ આગળ પુરૂષ છે ગુલામ;
ભાવના કરીને હરીએ પુરૂષ હામ.
આ ભ્રગુટીનો વિલાસ છે શતી મંદ હાસ્ય;
મધુર વચન મંદ ગતી, પુરૂષ પાસ.
રણને વિશે બાણુ કોટી, નર નીવારે સુર;
આ કટાક્ષ બાણુ દારથી, પડે યોધ પુર.

૧૨૨ ઉમાદેવડી.

હરમાન ઘરમાંહી હડીઓ કરે ત્યાંતો કેવી રીતે બેટા બાઉ બને
ઘંટીના ગાળાને બંટીના દાકા ત્યાં ખીરને ખાંડનું કહેલું મને
મારે તો માડી નહીં બસ બાઉ, ખાઉ તો બાઉજ બાઉજ ખાઉં
ન જા પીટયા હું તો કયાં લવા જાઉં—હરમાન.
માડી મને બાઉ, ઉહુ મને બાઉ,
કાળા મોંના કયમ કાળજુ ખાઉ—હરમાન.
માડી મને બાઉ, હુંહું મને બાઉ, જાને તું લાવ બસ બાઉ (૩)

૧૨૩ દ્રોપદી.

સખી સ્વપ્ન મહીં મનમોહન મેં નીરખ્યા એકાન્ત વિશે શયને,
શરમાઇ રહી રતી ન.થ મદે મુખથી નહીં કાંઇ બોલાય અરે;
નિચું જોઇ રહી દ્રગ પ્રેમ ભરી ખણુની પ્રીતી નીજ પાય અરે
કર સાહી રસીક રૂદે વળગ્યા કરતાં બગશીન થયા અળગા;
તુટી હાર ગયો એ રકા જકમાં કરી કચુકીની ફુટી જાય અરે,
છુટી કેશ ગયા વિખરાઇ અરે ગઇ દેહ કળી કરમાઇ અરે.
ગયાં સ્વેદથી વસ્ત્ર ભીંજાઇ અરે પણુ નાંથ થયા નગણાજ અરે,
મનથી મન સેજ ગયું પીગળી જેમ સાકર દુધની સગ ભળી;
કીધ ભોજન નાથની સાથ મળી મુખવાસ સુવાસ અપાય અરે.
મુખ તાંબુલની પીચકારી ઉડી રે અચાનક નાથને અંગ પડી.
સખી તે રજની અને તેજ ઘડી રસિયો રીસ લાવી રીસાય અરે,
સજી શસ્ત્ર શરીર શું અશ્વ ચડી રણુ જાય પિયુ અરે હુંથી હડી;
સખીઓ વિનવું તમ પાય પડી કરો જે રીત નાથ મનાય અરે,